ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૨૪.૮ ડીગ્રી
લઘુતમ : ૧૧.૪ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૫૫ ટકા

# રાજપુત સમાજનો સ્નેહમિલન સમારંભ યોજાયો




ગાંધીનગર, તા.૧૭

શ્રી રાજપુત સેવા સમાજ જિલ્લા અને શહેરનો સ્નેહમિલન સમારંભ સે-૧૨ રાજપુત ભવન ખાતે યોજાયો હતો. આ પ્રસંગે લોકડાયરાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ સમાજ ભવન ૧૦ કરોડના ખર્ચે ગાંધીનગર ચિલોડા હાઈવે પર બની રહ્યું છે તેની રૂપરેખા આપી સમાજમાં શિક્ષણનો વ્યાપ વધારી વ્યસનો ત્યજવાની હજુ પણ જરૂરિયાત સમજાવી હતી. ડૉ. સી.જે. ચાવડાએ દરેક બહેનોને ઘર દિઠ તેમની બચતમાંથી ઓછામાં ઓછા રૂ. ૫૦૦૦ આપી આકાર લઈ રહેલ શૈક્ષણિક સંકુલમાં દાન આપવા વિનંતી કરી હતી તેમજ આ ભવનમાં તન, મન, ધનથી સહાય આપવાની ખાત્રી આપી હતી.

સમાજના પ્રમુખ એલ.કે. વાઘેલાએ દાતાઓ દ્વારા ઉદાર હાથે ફાળો આપવા બદલ સૌનો આભાર માની વહેલી તકે નવા રાજપૂત ભવનની કામગીરી ચાલુ કરવા જણાવ્યું હતું સાથે સાથે આ રાજપુત ભવનના રીનોવેશન માટે અગ્રણી બિલ્ડર અને રાજપુત આગેવાન અંબુસિંહ ગોલે સહાય આપવાની ખાત્રી આપી હતી.

આ પ્રસંગે પૂર્વ પ્રમુખ ડૉ. શંકરસિંહ રાણા, વિક્રમસિંહ ગોલ, રાજનસિંહ ચાવડા, પ્રવિણસિંહ વાઘેલા, હિતેન્દ્રસિંહ રાઓલ, પ્રેમલસિંહ ગોલ, બિનાબા રાણા, વિરોધપક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, કોર્પોરેશનના જિગાબાપુ, પ્રથમ મેયર મહેન્દ્રસિંહ રાણા, કેશરીસિંહ વાઘેલા, પી.બી. બિહોલા, નટુભા વાઘેલા, અમરસિંહ ગોલ, ભીખુસિંહ ચાવડા, ભીખુસિંહ બિહોલા, વિનોદસિંહ રાઠોડ, યુવા રાજપુત સંઘના હોદ્દેદારો વિગેરેએ મોટી સંખ્યામાં હાજર રહી પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા તેમજ દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સમાજના અગ્રણી અને પૂર્વ આઈ.પી.એસ. અધિકારી સિધ્ધરાજસિંહજી ભાટીનું ખાસ સન્માન કરવામાં આવ્યું હતું અને શ્રી ભાટીએ સમાજના સર્વાંગી વિકાસમાં મહ્ત્વનો ફાળો આપવા મુલાકાતમાં જણાવ્યું હતું.

આ પ્રસંગે એલ.કે. વાઘેલા એ સમાજ માટે જે જે દાતાઓએ સહાય આપી તે તમામનો આભાર વ્યકત કર્યો હતો.

સાહિત્યકાર દેવાયત ખવડનો લોક ડાયરો સૌનું આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. ડાયરાના કલાકારોનું પ્રેમલસિંહ ગોલે સ્વાગત કર્યું હતું.

# સિવિલના ઓપીડી વિભાગમાં શૌચાલયના પાણીના કનેકશન બંધ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલની ઓપીડીમાં વિવિધ ફ્લોર પર શૌચાલયો આવેલા છે. આ શૌચાલયમાં પાણી ટપકવાની ફરિયાદો સ્ટાફ તેમજ દર્દીઓ દ્વારા ઉઠવા પામે છે. જેને પગલે તંત્ર દ્વારા પાણી બંધ કરવાને બદલે નળનું કનેકશન બંધ કરી દેવામાં આવે છે. જયારે નળ ચોરી થવાના કિસ્સા પણ સામે આવે છે. જેને પગલે તંત્ર હાલત પણ કફોડી બની જવા પામે છે. જેથી શૌચાલયમાં જતા દર્દીઓ હેરાન પરેશાન થઈ જાય છે.જયારે પાણી ન આવતું હોવાથી શૌચાલયમાં ગંદકી થવા પામે છે.



પાટનગરની મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. સિવિલનો ઓપીડી વિભાગ દર્દીઓથી ઉભરાતો હોય છે. તાવથી માંડીને ડાયાલીસીસના દર્દીઓની સારવાર સિવિલમાં થાય છે. ત્યારે સરકારી સિવિલ હોવાથી સમસ્યાનું ઘર રહેવા પામે છે. જેમાં નાગરીકોનો પણ સાથ અને સહકાર જરુરી છે. ત્યારે સિવિલના ઓપીડી વિભાગના વિવિધ ફ્લોર પર આવેલા શૌચાલયમાં પાણી ટપકતું કે લીકેજ હોવાના કિસ્સા સામે આવતા હોય છે. જેથી તંત્ર દ્વારા પાણી લીકેજ અટકાવવા માટે કર્મચારીઓને મોકલવામાં આવે છે. ત્યારે કર્મચારીઓ લીકેજ કે ટપકતું અટકાવવાની જગ્યાએ નળનું કનેકશન જ બંધ કરી દેવામાં આવે છે. નળ બંધ કરી દેવામાં આવતા પાણી આવતુ ન હોવાથી ગંદકી ઉભી થાય છે. જયારે શૌચાલયમાં પાણી ન આવતા દર્દીઓ તેમજ સગાઓ હેરાન પરેશાન થઈ જાય છે. ત્યારે તંત્ર દ્વારા નળ નાંખવામાં આવે તેવી લાગણી અને માંગણી દર્દીઓની છે. જયારે ઉલ્લેખનીય છે કે સિવિલ કેમ્પસમાં મોંઘાદાટ નળ પણ નાંખવામાં આવ્યા છે. ત્યારે શૌચાલમાંથી નળ ચોરાઈ જવાના બનાવ પણ બને છે. જેથી તંત્ર દ્વારા નળની જગ્યાએ કનેકશન જ બંધ કરી દેવામાં સામાન્ય નાગરીક અને દર્દીઓને પારાવાર હાલાકીનો સામનો કરવો પડે છે.

## આજે સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાતનો પદવીદાન સમારોહ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરની સેન્ટ્રલ યુનિવર્સિટીનો પ્રથમ પદવીદાન સમારોહ આવતીકાલે તા. ૧૮મી ડિસેમ્બર મંગળવારના રોજ જીએનએલયુ કેમ્પસ ખાતે બપોરે ૨.૪૫ કલાકે યોજાશે. આ પ્રંસગે રાજયના રાજયપાલ ઓ.પી. કોહલી મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત સેન્ટ્રલ યુનિવર્સિટીના ચાન્સેલર પ્રો. વાય.કે. અલઘ, વાઈસ ચાન્સેલર એસ.એ. બારી, રજીસ્ટ્રાર પ્રો. આલોક ગુપ્તા, પરીક્ષા નિયામક પ્રો. સંજીવ દૂબે સહિત હોદ્દેદારો, પ્રાધ્યાપકો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેશે. આ સમારોહમાં યુનિવર્સિટીના ગ્રેજયુએટ, પોસ્ટ ગ્રેજયુએટ, એમ.ફીલ તથા પીએચડીના વિદ્યાર્થીઓને પદવી એનાયત કરાશે.

# સે-૨૪ અને સે- ૨૫ માં થયેલી ચોરીના આરોપીઓ અમદાવાદમાંથી ઝડપાયા

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા સમયથી ચોરીનો ઉપદ્રવ વધી જવા પામ્યો છે. નાઈટ પેટ્રોલીંગ હોવા છતા તસ્કરો બિનદાસ્ત ચોરી કરી પલાયન થઈ જાય છે. તસ્કરો પોલીસને ચેલેન્જ કરતા હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે ગાંધીનગર શહેરમાં દિવાળીના દિવસોમાં સેકટર-૨૫ ખાતે આવેલી સહકાર કોલોનીમાં બંધ મકાનને તસ્કરોએ ટાર્ગેટ કરી હાથફેરો કર્યો હતો. પરિવારના સભ્યો ધાર્મિક પ્રસંગે બહાર ગયા હતા તે દરમિયાન તસ્કરોએ તાળુ તોડીને રૂ.૧.૩૨ લાખના દાગીના લઈ રફુચક્કર થઈ ગયા હતા. આ ઘટનાની કોઈ ફરિયાદ નોંધાઈ ન હતી, પરંતુ આ કેસના આરોપીને અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાંચ પોલીસે ઝડપી પાડયો છે. જે વ્યકિતએ ગાંધીનગરના સેકટર-૨૪ માં બે ચોરી અને સે-૨૫ માં ચોરી કરી હોવાનું કબુલ્યું છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ સે-૨૫ સ્થિત સહકાર કોલોનીમાં પ્લોટ નં.૧૦૭ મા મહેન્દ્રકુમાર રમણલાલ ચૌધરી વસવાટ કરે છે.ગત તા.૧ સપ્ટેમ્બરના રોજ તેઓ પરિવાર સાથે ધાર્મિક કાર્યક્રમમાં પોતાના વતન ઈન્દ્રપુરા ગામે સવારે ૮ કલાકે ગયા હતા. બીજા દિવસે સવારે ૬.૩૦ કલાકે પાડોશીએ તેમને ફોન કરીને જાણ કરી હતી કે તમારા મકાનનું તાળુ તુટેલું છે. જેથી પરિવાર તાત્કાલીક વતનથી ગાંધીનગર પરત ફર્યો હતો. પરિવારે જોયું તો ઘરના મુખ્ય દરવાજાનો નકુચો તુટેલો હતો અને દરવાજા ખુલ્લા હતા. અંદર નજર કરતા નાના રૂમમાં મુકેલી બે તિજોરીના દરવાજા તુટેલા હતા. જેમાં મુકેલા ૧.૩૨ લાખના દાગીના તથા બાલવા ક્રેડીટ સોસાયટીનું ફિકસ ડિપોઝીટનું સર્ટી ગાયબ હતું. તહેવારોની સિઝન હોવાથી પરિવારે પોલીસને જાણ કરી હતી. જો કે રવિવારના રોજ અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાંચ પોલીસે મહેન્દ્રભાઈ ચૌધરીના ઘરે થયેલી ચોરીનો આરોપી ઝડપાઈ ગયો હોવાનું કહી સે-૨૪માં પણ આરોપીએ દિપકસિંહ ચાવડા તેમજ દેવેનભાઈ જોશીના ઘરે પણ તે દિવસે ચોરી કરી હોવાનું કબુલ્યું હતું.

## પેપરલીક કૌંભાડમાં નરોડાના સુરેશ પંડયાની ધરપકડ

લોક રક્ષક દળની પરીક્ષાના પેપર લીક કેસમાં પોલીસે વધુ એક આરોપી અને મુખ્ય સુત્રધારોમાં જેની ગણના થાય છે તે સુરેશ પંડયાની ધરપકડ કરી લીધી છે. સુરેશ પંડયાની પોલીસે બાયડ વિસ્તારમાંથી ઝડપી લીધો છે. સુરેશ પંડયાની પુછપરછમાં મોટા ખુલાસા થાય તેવી પોલીસને આશા છે.

નવા નરોડામાં ધર્ણીધર સોસાયટીની બાજુમાં વિકટરોયા એવન્યુંમાં એ -૪૦૨ માં રહેતો સુરેશ ડાહ્યાભાઈ પંડયા અમદાવાદની હોટેલમાં ૨૮ નવેમ્બર થયેલી બેઠકમાં હાજર રહ્યો હતો. સુરેશ, અશ્વિન પરમાર, નિલેશ ચૌહાણે દિલ્હીની ગેંગના મનિષ શર્મા અને અશોક સાહુ, તથા અન્ય ત્રણ-ચાર જેટલા લોકોએ સામે બેઠક કરી હતી. જયાં દિલ્હી ગેંગના સુરેશ સહિતના ત્રણ લોકોને કહ્યું હતું કે પેપર અમારી પાસે આવશે તમે ગુજરાતમાંથી ઉમેદવારો તૈયાર કરો. જે નક્કી થયા મુજબ નિલેશ તમામ ઉમેદવારોને દિલ્હી લઈ ગયો હતો. ગુજરાતની આ ટોળકીએ યશપાલ મારફતે પેપરના જવાબો કોપી કરાવીને વધુ પૈસા કમાવવા અન્ય ઉમેદવારોને પણ આપ્યા હતા. જવાબો મેળવનાર ઉમેદવારોને પોતાના જાણીતા લોકોને પણ કોપી આપી હોવાની શંકા પોલીસને છે. એટલે કે એક પછી એક હજારો લોકો પાસે જવાબો પહોંચી ગયા હતા. જો. કે સમગ્ર મુદ્દે મનિષસીંગ શર્મા પકડાયા પછી વધુ ખુલાશા થશે તેમ પોલીસનું માનવું છે.

# એલડીઆરપી કોલેજમાં જીપીએસસીની પરીક્ષામાં મોબાઈલ લઈને બેઠેલો યુવાન પકડાયો

ગાંધીનગર, તા.૧૭

જીપીએસસી દ્વારા ગઈકાલે રાજયભરમાં પરીક્ષાનું આયોજન થયું હતું. જેમાં ગાંધીનગર શહેરની એક કોલેજમાંથી જીપીએસસીની આ પરીક્ષામાં મોબાઈલ લઈને બેઠેલો પરીક્ષાર્થી પકડાઈ ગયો હતો. પેપર ચાલુ હતું ત્યારે જ તેના મોબાઈલમાં રિંગ વાગતા સરઢવ ગામનો આ ઉમેદવાર પકડાઈ ગયો હતો અને જીપીએસસી દ્વારા આ પરીક્ષાર્થી સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જે કોલેજમાંથી તે પકડાયો તે કોલેજના કલાર્ક મારફતે સેકટર-૭ પોલીસ મથકમાં આ ઉમેદવાર સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

જીપીએસસીની પરીક્ષા દરમિયાન ચાલુ પરીક્ષામાં એક ઉમેદવારનો મોબાઈલ રણકતા સેકટર-૭ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. નિયત સેન્ટરો પૈકી શહેરના સે-૧૫ ખાતે આવેલી એલડીઆરપી કોલેજમાં પણ રવિવારે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવાયેલી નાયબ સેકશન અધિકારી અને નાયબ મામલતદારની પરીક્ષા યોજાઈ હતી. તે દરમિયાન ચાલુ પરીક્ષામાં સાંજે પોણા પાંચ વાગ્યાના અરસામા સરઢવ ગામમા રહેતા પરિક્ષાર્થી ભાવેશ સહદેવભાઈ દેસાઈના મોબાઈલની રિંગ વાગી હતી. પરીક્ષા દરમિયાન મોબાઈલ કે ઈલેક્ટ્રિક સાધનો રાખવાની મનાઈ હોવા છતાં વિદ્યાર્થી પાસે મોબાઈલ મળી આવતા નિરિક્ષક તરીકે હાજર રહેલાં ધરતીબેન સંજીવકુમાર પટેલે સેક્ટર-૭ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે જાહેરનામના ભંગની કલમ-૧૮૮ મુજબ ગુનો નોંધીને ઉમેદવાર સામે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સે-૧૪ માંથી રાત્રે દારૂની બોટલ સાથે પકડાયેલા યુવાનનો તોડ થઈ ગયો

## સે-૭ પોલીસે ડિફેન્સની બોટલ સાથે પકડેલા યુવાનને રૂ.૪૦ હજારમાં જવા દીધો..!

ગાંધીનગર, તા.૧૭

જિલ્લા પોલીસ અધિક્ષકની સૂચનાથી ગાંધીનગરમાં દારૂ -જુગારની પ્રવૃત્તિઓ સદંતર બંધ કરી દેવામાં આવતા પોલીસના ખર્ચાપાણીના રૂપિયા બંધ થઈ ગયા છે. કેટલીક પોલીસ હવે ખર્ચા પાણીના રૂપિયા બીજા રસ્તેથી મેળવી રહી છે. કોઈપણ ગુનાના તપાસના કામે રૂપિયા ખંખેરવાનું ક્યાંક ચાલુ થઈ ગયું છે તો ક્યાંક ગુના દાખલ ન કરીને મોટા તોડ કરવાની પ્રવૃત્તિઓ શરૂ થઈ ગઈ છે. અઠવાડિયા પહેલા જ સેકટર-૭ પોલીસે સે-૨૧ પોલીસ સ્ટેશનની હદમાં જઈને એક સ્કૂલ પાસેથી એક યુવાનને દારૂની બોટલ સાથે પકડીને એક લાખનો તોડ કરી દીધો હતો. દરમિયાન ગઈકાલે સેક્ટર-૭ પોલીસે સેક્ટર-૧૪ પાસેથી દારૂની બોટલ સાથે પકડાયેલા યુવાનને રૂપિયા ૪૦ હજાર લઈને તેનો તોડ કર્યા બાદ જવા દઈ કોઈ કાર્યવાહી કરી ન હોવાની ઘટના બની હોવાની ચર્ચાએ જોર પકડ્યુ છે.

સૂત્ર પાસેથી મળતી માહિતી મુજબ એક અઠવાડિયા પહેલા ગાંધીનગર શહેરના સેક્ટર- ૨૧ માઉન્ટ કાર્મેલ સ્કૂલની પાસેથી એક સાઉથ ઈન્ડિયન વેપારી વિદેશી દારૂની એક બોટલ સાથે પકડાયો હતો. નવાઈની વાત એ હતી કે સેક્ટર-૨૧ પોલીસ સ્ટેશનની હદ લાગતી હોવા છતાં આ દારૂની બોટલ સાથે વેપારીને સેક્ટર-૭ પોલીસે પકડયો હતો. તેમ છતાં બંનેમાંથી એક પણ પોલીસ સ્ટેશનમાં આ મામલે ગુનો દાખલ થયો ન હતો. બે-પાંચ હજાર નહીં પરંતુ આ વેપારી પાસેથી એક લાખ રૂપિયાનો તોડ કરી પોલીસે તેને જવા દીધો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. તો બીજી તરફ આવો જ એક બીજો તોડ ગઈકાલે સેક્ટર-૭ પોલીસે કર્યો હોવાનુ જાણવા મળ્યુ છે. સે-૧૪ ખાતેથી એક યુવાનને સે-૭ પોલીસની ટીમે ડિફેન્સની દારૂની બોટલ સાથે પકડી પાડ્યો હતો. આ યુવાનને પોલીસ સ્ટેશને પણ લેવાયો હતો અને દોઢ લાખમાં કેસની પતાવટ કરવાની માંગ કરી હતી પરંતુ આખરે સેટલમેન્ટના અંતે રૂ. ૪૦ હજારમાં આ યુવાન પર કેસ ના કરીને જવા દેવામાં આવ્યો હોવાનું બિનસત્તાવાર જાણવા મળ્યુ છે.

# આવતીકાલે લઘુમતિ સમુદાયની માંગો માટે વિધાનસભા ઘેરાવનું આયોજન

ગાંધીનગર, તા.૧૭

ગુજરાતમાં લઘુમતિઓના વિકાસ અને સંરક્ષણના હેતુથી વિવિધ માંગો સાથે આવતીકાલે સવારે ૧૦ વાગે ગુજરાતની માઈનોરીટી કો-ઓર્ડિનેશન કમિટી દ્વારા સત્યાગ્રહ છાવણી ખાતે ધરણાંનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આ સાથે કમિટી દ્વારા તેમની માંગોની રજૂઆત માટે વિધાનસભા ઘેરાવનું એલાન આપવામાં આવ્યું છે.

રાજયમાં લઘુમતી કલ્યાણ મંત્રાલયની સ્થાપના કરવી, બજેટમાં લઘુમતી સમુદાયના વિકાસ માટે નકકર રકમની ફાળવણી કરવી, લઘુમતી આયોગની રચના કરી તેને બંધારણીય મજબૂતી માટેનું વિધેયક વિધાનસભામાં પસાર કરવા ઉપરાંત રાજયમા લઘુમતિ બહુ સંખ્યા ધરાવતા વિસ્તારોમાં ધો-૧૨ સુધીની સરકારી શાળાઓના ખોલવા સહિતની વિવિધ પડતર માંગો સાથે ગુજરાત માઈનોરિટી કોઓર્ડિનેશન કમિટી દ્વારા ધરણાં અને વિધાનસભા ઘેરાવના કાર્યક્રમનું આયોજન કરાયું છે. આ સાથે તેમણે મદ્રેસાના શિક્ષણને ગુજરાત બોર્ડની સમકક્ષ માન્યતા આપવા, સાંપ્રદાયિક હિંસાથી વિસ્થાપિત નાગરિકોના પુનર્વસન અંગે નીતિ બનાવવા, લઘુમતી સમાજના ઉત્થાન માટે વિશેષ આર્થિક પેકેજ સહિત પ્રધાનમંત્રીના નવા ૧૫ મુદ્દાના કાર્યક્રમનો સંપૂર્ણ અમલ કરવાની માંગ કરી છે.



ગાંધીનગરની કે.બી. ગર્લ્સ સ્કૂલની વિદ્યાર્થીનીઓ માટે ગીર ફાઉન્ડેશન ખાતે યોગ નિદર્શન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં શહેરની વી કેર ફાઉન્ડેશના જે.સી. પટેલ દ્વારા યોગ નિદર્શન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગીર ફાઉન્ડેશનના મુખ્ય અધિકારી આર.ડી. કંબોજની ઉપસ્થિતિમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ યોગ કર્યા હતા.

# રકતદાન અંગે જાગૃતિ ફેલાવવા કોલકાતાનો મીલમજૂર સાયકલ લઈને નીકળી પડયો

## દસ રાજયો મળીને કુલ ૬ હજાર કિમીના સાયકલ પ્રવાસે નીકળેલા જાયદેવ રાઉત ગાંધીનગર આવી પહોંચતા સ્વાગત કરાયું : ગત વર્ષે પણ જયદેવ રાઉતે સ્વચ્છતાના સંદેશ સાથે ૨૨ રાજયોમાં ૨૦ હજાર કિમીની સાયકલ યાત્રા કરી હતી

ગાંધીનગર, તા.૧૭

'રકતદાન એ જીવનદાન છે, રકતદાન મહાદાન છે.' આ સંદેશનો દેશભરમાં પ્રસરાવવા અને રકતદાન પ્રત્યે જાગૃતિ લાવવા કોલકાતાનો એક મીલ મજૂર સાયકલ પર ૬ હજાર કિમીના પ્રવાસે નીકળી પડયો છે. આ સાયકલિસ્ટનું આજે ગાંધીનગરમાં આગમન થયું હતું અને ગાંધીનગર ખાતે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. ગુજરાત પહોંચતા અગાઉ આ સાયકલિસ્ટ આ રાજયોમાં પસાર થઈ ચુકયો છે અને અહીંથી મહારાષ્ટ્ર તરફ રવાના થવાના છે. ઉલ્લેખનીય છે કે આ સાયકલિસ્ટ જયદેવ રાઉત ગત વર્ષે પણ ગાંધીનગર આવ્યા હતા જયારે તેમણે સ્વચ્છતાના સંદેશ સાથે દેશના ૨૨ રાજયોમાં થઈને ૨૦ હજાર કિમીનો પ્રવાસ ખેડયો હતો. તેમની અ વખતની યાત્રા ફેડરશન ઓફ બ્લડ ડોનર્સ ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત કરવામાં આવી છે.

જયદેવ રાઉત કોલકાતાની એક શણની મીલમાં મજૂરી કામ કરે છે પરંતુ તેમણે સ્વચ્છતા, રકતદાન જેવા મુદ્દે જનજાગૃતિ ફેલાવવા નિશ્ચય કર્યો છે. તેમના પરીવારમાં એક પત્નિ અને એક ૧૯ વર્ષની દિકરી છે જ ભણવા સાથે ઘરમાં બાળકોને ટયુશન ભણાવી પરીવારને મદદરુપ થાય છે. જયદેવ રાઉત જયારે યુવા વયે ૧૯૮૮માં ફુટબોલ રમી રહ્યા હતા ત્યારે મેદાન પર ઘાયલ થતા તેમને હોસ્પિટલ લઈ જવા પડયા હતા. જયાં તેમને ૪ બોટલ રકત ચઢાવવાની જરૂર પડી હતી આ ઘટના પછી તેમને રકતદાનનું મહત્વ સમજાયું હતું અને સાજા થયા બાદ તેમણે ૧૯૯૩થી રકતદાન કરવાની શરૂઆત કરી હતી. અત્યાર સુધીમાં તેઓ કુલ ૩૬ વાર રકતદાન કરી ચુકયા છે અને છેલ્લું રકતદાન તેમણે આ વખતના સાયકલ પ્રવાસ દરમિયાન જ ૨૫મી નવેમ્બરે ગાઝીયાબાદના મોદી મંદિરમાં યોજાયેલા રકતદાન કેમ્પમાં કર્યું હતું. કોલકાતાથી સાયકલ લઈને નિકળ્યા બાદ તેઓ ઝારખંડ, બિહાર, ઉત્તરપ્રદેશ, ઉત્તરાખંડ, મધ્યપ્રદેશ, દિલ્હી, હરિયાણા અને રાજસ્થાન થઈને પાલનપુર તરફથી ગુજરાતમાં પ્રવેશ્યા છે. પાલનપુરથી તેઓ સિધ્ધપુર, મહેસાણા, કલોલ થઈને ગાંધીનગર આવી પહોંચ્યા છે અને અહીંથી અમદાવાદ, નડિયાદ, વડોદરા, સુરત થઈને મહારાષ્ટ્ર તરફ જશે. મહારાષ્ટ્રથી પશ્ચિમ બંગાળ જશે જે મળીને કુલ ૬ હજાર કિમીનો પ્રવાસ પુરો કરશે.

પોતાના સાયકલ પ્રવાસ દરમિયાન જયદેવ રાઉત દરેક શહેરમાં ચાર રસ્તા, કોલેજ તથા અન્ય જાહેર સ્થળોએ ઉભા રહી રકતદાન જાગૃતિ અંગેની પત્રિકાઓ વહેંચી નાગરિકોને ખાસ કરીને યુવાનોને રકતદાનનું મહત્વ સમજાવે છે. તેમની યાત્રા દરમિયાન તેઓ ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, જે તે વિસ્તારની બ્લડબેંક અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓનો સંપર્ક કરી તેમની મદદથી આ કાર્ય વધુ અસરકારક બનાવે છે.

### જયદેવ રાઉતનું રેડક્રોસ દ્વારા સ્વાગત

રકતદાન અંગે જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશથી દેશભરમાં સાયકલયાત્રા કરી રહેલા જયદેવ રાઉત આજે સાંજે ૫.૩૦ કલાકે ગાંધીનગર આવી પહોંચતા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીના શહેર એકમ દ્વારા સ્વાગત કરાયું હતું. આ પ્રસંગે જીલુભા ધાંધલ, જે.એન. પરીખ, મગનલાલ કાકડીયા, કૌશિક ભટ્ટ, હિતેષ રાવલ, અશ્વિન દવે અને કલોલ રેડક્રોસના દિલીપ દવે ઉપસ્થિત રહ્યા હતા. આ પછી જયદેવ રાઉતને પથિકાશ્રમ ગેસ્ટ હાઉસમાં ઉતારો આપી તેમની સાથે રકતદાન જાગૃતિ અંગે ચર્ચા કરી હતી.



## આજથી ઠાકોર સમાજના તાલિમ વર્ગનો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૭

ઠાકોર સમાજ એજયુકેશન ટ્રસ્ટ સેકટર-૬ દ્વારા ઠાકોર સમાજના વિદ્યાર્થીઓ માટે સરકારી નોકરીની ભરતીના તાલીમ વર્ગો ચલાવવામાં આવે છે. જેમાં પોલીસ કોન્સ્ટેબલ, તલાટી, કલાર્ક તથા કલાસ-૩ની સરકારી નોકરીના તાલીમ વર્ગો ચલાવવામાં આવે છે. ઠાકોર સમાજમાં વિદ્યાર્થીઓ માટે નવી બેચ તા. ૧૮-૧૨-૧૮થી શરુ થાય છે તો સમાજના વિદ્યાર્થીઓ આ સ્પર્ધાત્મક પરીક્ષાનો લાભ લેવા માટે સંસ્થાના પ્રમુખ ધર્મેશ ઠાકોરને તેમના મો.નં. ૯૦૩૩૦૦૬૨૮૬ પર રજીસ્ટ્રેશન કરાવે તેવું જણાવાયું છે.

### ચિરવિદાય

- સ્વ. રેખાબેન જગદીશચંદ્ર મહંત, ઉ.વ. ૬૫
- સ્વ. કાળાજી જીવાજી ઠાકોર, ઉ.વ. ૮૩